# કામલતા.

આવૃત્તિ ૧ લી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મુંબઇ ગુજરાતી નાટક મંડળી,



મુંબઇ:

ધી રાઇઝીગ સ્ટાર પ્રિન્ટીગ પ્રેસના માલેક

અલીભાઇ દાઉદખાન

અબદુલકાદર ઇબ્રાહીમની કુંપનીએ

છાપી છે.

સને ૧૯૦૪ સંવત ૧૯૬૦

કીંમત રૂ. ૦—૨—૦

# પાત્રો.

## પુરૂષ વર્ગ.

ઇંદ્ર—
નૃસિંહરાજ—એક રાજા.
મીનકેતુ—માલવ દેશનો રાજા.
દેવો—બારોટ.
અરજણ—સારથી.
જસમત—કેદખાનાનો દરોગો.
દેવતાઓ રાજાઓ, સિપાઇઓ, વગેરે.

## સ્ત્રી વર્ગ.

ઇંદ્રાણી—
કામલતા—નૃસિંહરાજની દીકરી—મીનકેતુની રાણી.
સુમતી—નૃસિંહરાજની રાણી.
હંસી } —મીનકેતુની રાણીઓ.
વસુ. }
બાળા—કામલતાની સખી.
જીવી—જસમતની વહુ.
તરલા—દેવાની વહુ.
શાંતી } —અપ્સરાઓ.
કાંતી. }
અપ્સરાઓ વારાંગનાઓ, દાસીઓ, સખીઓ વગેરે.

# નાટકનો ટુંક સાર.

———·o:———

## અંક ૧ લો.

———

**મંગળાચરણ**—સૂત્રધાર, નટી

**પ્રવેશ ૧ લો**—રાજા નૃસિંહરાજની કુંવરી કામલતાનો સ્વયંવર થાય છે, કામલતાને કોઈ રાજા પસંદ ન પડવાથી તે કોઈને વરમાળ આરોપતી નથી. તેથી તેનો બાપ ગુસ્સે થઈ તેને કહાડી મૂકે છે

**પ્રવેશ ૨ જો**—કામલતા મા પાસે આવે છે રાણી સુમતી રાજાને વિનવે છે પણ તે માનતો નથી, તેથી રાણી કામલતાને તેની સખીઓ સાથે સોમતિર્થના પોતાના રાજમહેલમાં રહેવા મોકલે છે.

**પ્રવેશ ૩ જો**—રાજા મીનકેતુ શીકારે આવે છે ત્યાં તેનો તથા કામલતાનો પ્રથમ પ્રેમ પ્રસંગ.

**પ્રવેશ ૪ થો**—રાજા તથા દેવો પ્રેમરસની વાતો કરે છે ત્યાં કામલતાની સખી બાળા આવી રાજાને છુપે વેષે આવવાનુ કહી જાય છે.

**પ્રવેશ ૫ મો**—સખીઓની ગમ્મત. રાજાનું છુપે વેષે આવવું. કામલતા તેને બનાવે છે. બનેનો મેળાપ.

**પ્રવેશ ૬ ઠ્ઠો**—દેવો બાળાપર મોહી પડયો છે, અરજણ તેને મૂર્ખ બનાવે છે. મીનકેતુનું ઓચિંતુ આવવુ. ગભરાઇ દેવો ખોટો ગાંડો બની જાય છે.

પ્રવેશ ૭ મો—શાંતી તથા કાંતી બે અપ્સરાઓ શંકરનું ધ્યાન ધરે છે. મીનકેતુને એકદમ પોતાના રાજ્યમાં જવાનું હોવાથી કામલતાને સાથે તેડી જવા બોલાવે છે. બનેની ગમ્મત ગમ્મતમા કામલતા અપ્સરાના ધ્યાનનો ભંગ કરે છે તેથી કાંતી તેને શાપ દે છે કે તારો પતિ તને ભૂલી જશે. તેની અસરથી રાજા કામલતાને ભૂલી જાય છે અને તેને તરછોડી ચાલ્યો જાય છે.

——·o——

## અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—મીનકેતુની રાણી સ્વામીની વાટ જુએ છે.

પ્રવેશ ૨ જો—હંસી તથા વસુની દાસીઓની તકરાર. અણુમાનેતી રાણી વસુ રાજાને પોતાના હાથમાં લેવા ઠરાવ કરે છે.

પ્રવેશ ૩ જો.—મીનકેતુનુ ચિતાતુર મન. હસી પાસેથી વસુ મીનકેતુને લઇ જાય છે.

પ્રવેશ ૪ થો—કામલતા મા પાસે આવે છે તે પોતાના વેરી મીનકેતુને પરણી છે એ ખબર પડતા નૃસિહરાજ તેને કેદ કરેછે.

પ્રવેશ ૫ મો—રાણી સુમતી દાસી જીવીના કપડાં પહેરાવી કામલતા ને કેદખાનાંમાંથી છોડવી તેના પતિને ઘેર મોકલે છે પાછળથી જીવીને જસમત પકડાયછે.

પ્રવેશ ૬ ઠો—નૃંસિહરાજ પાસે જીવી તથા જસમતને લાવવામાં આવેછે કુવરી છટકી ગઇ તેથી ક્રોધે ભરાઇ રાજા

ારવા જાયછે રાણી આડી પડેછે ને પોતાનો ગુનોહ. કબૂલ કરેછે રાજા તેનો સદાને માટે ત્યાગ કરેછે.

પ્રવેશ ૭ મો—કામલતા મીનકેતુ પાસે આવેછે શોકયોની અદેખાઇ. કામલતાને પોતે પરણ્યો છે એમ શાપને લીધે યાદ ન આવવાથી તે કામલતાનો તિરસ્કાર કરેછે. બેભાન કામલતાને ભલી અપ્સરા શાંતી આવી ઉપાડી જાયછે.

---

## આંક ૩ જો.

પ્રવેશ ૧ લો—કામલતા તપ કરેછે.

પ્રવેશ ૨ જો—કામલતાનું દુખ ટાળવાની પરમાત્મા ઇંદ્રાણીને પ્રેરણા કરેછે કાંતીને શીક્ષા. અપ્સરાઓને મોકલી કામલતાનાં માબાપ તથા શોકયોને તેડાવવાં. મીનકેતુને બોલાવી લાવવા કામલતાને અપ્સરા બનાવીને મોકલવી.

પ્રવેશ ૩ જો—તરલાનું દુખ ટાળવા શાંતી દેવાના ઢોગ છોડાવે છે.

પ્રવેશ ૪ થો—મીનકેતુને ઘેર વસંતની ધામધૂમ. કામલતા ઇંદ્રાણીએ આપેલાં ફૂલ રાજા ઉપર નાંખે છે તે અડતાં શાપ મટી જાય છે અને તેને કામલતા સાંભરેછે. કામલતા રાજાને, તથા શાંતી રાણીઓને લઇ જાયછે.

પ્રવેશ ૫ મો—જંગલમા રાણીઓનો ગભરાટ શાંતી તેને કામલતા જોડે સ્નેહ રાખવા સમજાવે છે પણ તે માનતી નથી ઈંદ્રાણી બંનેને ઝાડ બનાવી દે છે.

પ્રવેશ ૬ ઠ્ઠો—મીનકેતુ તથા કામલતા વચ્ચે મીઠી મશ્કરી.

પ્રવેશ ૭ મો—કામલતાના મનની ખટક ઉખેડી નાંખવા ઈંદ્રાણી માયાવડે મીનકેતુના પ્રેમની પરીક્ષા લે છે છેવટે સૌનો મેલાપ અને આનંદ.



# કામલતા.

## અંક ૧ લો.

સૂત્રધાર— ૧

ગાઓ ગાઓ, શીવ સુખકર જશ ગાઓ ગાઓ,
હિમગિરિ તનયા કાન્ત રીઝાવો
રસપતિ ચરણે શીશ નમાવો શીવ૦
ગંગધારી ચંદ્રમૌલી શંકર
થાઓ સ્હાય
અવિચળ પરમ પદવી આપી,
શુભમતી વિકસાવો.— શીવ૦

— —

નટી— ૨

પીયુજી પીછાનોરે ધર્મનો પાર (૨)
નરનારીનાં જોડલાં તેથી બન્યો સંસાર.
પરથમ પહેલું પરણવું પછી બીજો વહેવાર; — પીયુ૦
પહેલો ધર્મ ગૃહસ્થનો દુનિયાંનો આધાર,
એજ પ્રેમના પંથને ભૂલોકાં ભરથાર. પીયુ૦

— — —

નટી— ૩

વરમાળ હાથે ઝાલી,
શરમાળ બાળા ચાલી;

હોંશ હૈયાની પૂરણ કરવા,
વ્હા..............થી વ્હાલી;
આજ સ્વયંવરમાં વર વરવા,
નજરે નૂર નિહાળી; વર૦

ચોપદાર—

૪

નૃપતિ ચક્ર ચુડામણી, શ્રી નૃસિંહ મહારાજ,
કોડે કન્યા અર્પવા, આહીં પધારે આજ.

નૃસિંહરાજ—

૫

મન શાતી પામે,
કુવરીને વરતી જોઇને વિરામે; શાતી૦
પુત્રી ગણાયે લક્ષ્મી પરાઇ
સોપીશ પતિને હાથે આરામે, દિલ૦

વારાંગના—

૬

આવો મદ ભરેલી નાર રમીયે રમત રંગ ભરી,
લટક મટકી ચાલ ચાલી કટી કેરી લ્હેકથી,
લચક મચક કરી—મદ૦
નાજુક નાજુક પગલાં ભરી ફૂદડી ફરીએ ફેરથી,
તાલી સામ સામી ઝીલી ઝૂકીએ અતિ ઝોંકથી
સંગીત નૃત્યનો ધુમ મચાવીએ ઉમંગ ધરી—મદ૦

સાખી.

આજ સ્વયંવર શો રચ્યો, પધારિયા રાજન,
કામલતાબા પરણશે, જોઇ હરખે મન,
થાશે સુખી મનમાનતા સુંદર વરને વરી. મદ૦

સખીઓ— ૭

ઝાંઝર ઝમકે ને ઘુઘરી રે ઘમકે.
સરખી સાહેલી ચાલે ઠમકે રે;
રૂડો મંડપ શોભે.
નવરંગ ચુંદડી ને અણુવટ વીંછીઆ,
મંગળ શણગાર સજીયારે રૂડો મંડપ શોભે.
કંચન કચોળીને કુમકુમ ઘોળી.
વર વરવાને બ્હેની ચાલ્યાંરે—રૂડો મંડપ શોભે.

કામલતા— ૮

દિલ મારૂ માને નહિ મનડું ઠરે નહિ,
ત્યારે કરૂં શું તાતજી !
મેં જોયુ ફરી ફરી જોડી મળે નહિ,
કોને વરૂં હું તાતજી !
નેણે પ્રીતી ઝળકી હતી, અહીં આવતાંજ સમાઇ ગઇ,
ઊર્મિ અંતર ઉછળી હતી, નૃપ દેખતાંજ દબાઇ ગઈ;
હીરલો અમૂલ્ય ખરીદવા, ઉમંગભર આવી અહીં,
પણ અંતરે અંકુર ન ફૂટયા, પ્રીતી પ્રકટાવી નહિ.
છતી આંખે દીવો લઇને પડી કુવામાં હું,
ડૂબી મરૂ શું તાતજી ! દિલ૦

કામલતા— ૯

વિધાતાએ બાંધ્યો ને સંબંધ,
પિતાજી ન છોડયો કદી છૂટસે;
તમે તાત મારા હું પુત્રી તમારી,

જડી સાંકળી તે સાચા સ્નેહ કેરી.
નહિ તૂટશે—વિધાતા.

બાળકને માબાપનો,
જો સબંધ ભૂલાય;
તો તો મારા તાતજી,
આ દુનીયાં પલટાય.—વિધાતા.

સુમતી— ૧૦

રંગમાં રોપ્યો મેં રૂડો માંડવો છબીલી કાજ.
આનંદે આજે મેં વિ'વા આદર્યો—છબી૦
ભાવથી જુપાળો મેં નોતર્યા—છબી૦
રાજવી રૂપાળા મેં ભેળા કર્યા—છબી૦
અમ તોય મુજનો નહી પૂજ્યો—છબી૦
કંઇ કોઇ કોડીલો નહીં મળ્યો—છબી૦

કામલતા— ૧૧

દીકરી ને બીજી ગાય, જ્યાં દોરાય ત્યાં જાયે,
એનાથી કશુ નહિ બોલાયે—દીકરી૦
પડી માબાપતણે આધારે,
એ બચાવે કે સહારે
દુખ આગમહી મર હોમાયે—દીકરી૦

સુમતી— ૧૨

અલબેલાજી આમ શું અમથી રાડ કરોછો ?
બાળક ઉપર ક્રોધ ધરો છો ;
બળતીને શિર આગ ભરો. અલ૦

કીડી ઉપર કટક ન હોયે,
રાંક ઉપર શો રોષ ?
હવે હદ થઇ વ્હાલા ધિરજ ગઇ,
મને જીવિત દાન દો આશા પૂરો—અબ૦

કામલતા—

## ૧૩

મને લાગે છે આજી ખુલી ભાગ્ય રેખા મારી,
ભલે વનમાં હો વાસ પુરે વિશ્વંભર આશ ;
શ્રીવર કર સાહી લેશે ઉગારી. ખુલી.
સ્થળને ઠામે જળ કરે ને સ્થળ જળ કેરે ઠામ;
અવળાંનું સવળું કરે એ મારો રક્ષક રામ; શ્રીવર.

મીનકેતુ—

## ૧૪

જો કેવો મૃગ આ અતિ વેગે ધસતો
જાણે સરતો, જો કેવો૦
ભયથી નમતો, ગગને ઉડતો,
વળી વળી અહીં નિરખતો; ધંસતો
જાણે સરતો! જો કેવો૦

કામલતા—

## ૧૫

મને આવે છે ફેર, ઝૂલે મારૂં મન હો સખી;
બેસુ રથમાં શી પેર. ઝૂલે મારૂં મન હો સખી, મને૦
કેફ ચડી કોઇ કારમી, હું સમજું ના બ્હેન,
બ્હાવરી મને કરી.
મીનકેતુ—લ્યો વિસામો સુંદરી
કામલતા—ઝીલી આ લ્હેર— ઝુલે મારૂં મન.

મીનકેતુ— ૧૬

મળશે નાંહિ સુંદરી એ મુજને
નજર નિહાળી મન લે માની પ્રેમ દીવાની
આવી મળી મુજને
નથી પ્રેમે ચુમી પ્યારી, નથી ચાંપી ઉરે નારી
તદપિ મન લે માની, પ્રેમ દીવાની
આવી મળી મુજને.

સખીઓ— ૧૭

વ્હાલા માસ અસાડીલો મેઘ, એવી રતે વિનવું,
વ્હાલા વનિતા વ્યાકુળ થાય. એ રતે વ્હેલા પધારજો.
વ્હાલા વીજ કરે ચમકાર એવી રતે વિનવુ
વ્હાલા થરથર કંપે કાય, એ રતે વ્હેલા પધારજો.

સાખી.

ઝરમર વરસે મેહુલો, મોર કરે ટહુકાર,
વાંસલડી મધરાતની, લાગે તીરની ધાર,
આ અંધારી રાતડી, હું એકલડી નાર,
નીંદર ન મળે નેણુમાં, કયા પોઢ્યા ભરથાર.
લખુ કાગળ નેણુના કાજળથી,
છાંટુ કંકુ ઉન્હા આંસુના જળથી
અરજી અબળાતણી સાંભળજો,
વ્હાલી નણદીના વીર વ્હેલા વળજો,—વ્હાલા.

કામલતા— ૧૮

રસ ભર્યું આ જોબન જાય, રસિક રંગીલા વિના.
અંગ ભર્યો આ રંગ સુકાય, રંગી રંગીલા વિના.

સાખી

સુંદર બાગ શરીરનો ખીલ્યો છે નવરંગ,
અંગ ફુવારા ઉડતા, માળી જ્યાં અનંગ,
ફૂલ પ્રેમરૂપી કરમાય ખીલાવે કોણ?
ભોગી રંગીલા વિના રસ૦

---

કામલતા— ૧૯

ઉઠાવો નખરાંના ટકા હજાર,
તું તો નાનકડી નાર,
બની મોટી સરદાર,
શી જોબનની બહાર,
જાઉ બલીહાર—(૨) તારા નખરાં૦
પલકોના પાંચ લાખ પ્યારી રૂપીયા,
તારા નેણોના નવલાખ પુરા હાં તારા નેણો૦
પાતળી કમરવાહ, નાજુક ઉમર વાહ,
મોહી તુજ મચકે,
કમર કેરે લચકે,
પ્યારી તાબેદાર, તારા નખરાં૦

---

૨૦

સખીઓ—વાટ જુએછે વ્હાલી રસીકવર, રજા અમે તો લઇશું બા.
પ્રેમ ગુથણી ગુંથો છાનાં, દૂર અમે તો થઇશું બા.
કામ—( મને એકલી મૂકીને તમે જાઓ ના, )
બાળા—( થશો એકલાં તમે ત્યાં જાઓ બા. )
કામ—( મને લાગે છે બ્હીક, )
સખી—( બધું ઠીક છે ઠીક. )

કામ—( કેમ કેમ— )
૧ સખી—( ખાલી કરો પતરાજી )
૨ સખી—( અમે જઈએ એમાં રાજી )
૩ સખી—( છતાં કરો છો સફાઈ )
૪ સખી—( છોડો જશુ અમે બાઈ )
બાળા—હવે આવજો બા.
કામ—( સખી તુ ? )
સખી—બા આવજો બા.
કામ—( અલી તુ ? )
સખી—હા આવજો બા.
બાળા—કરો અમન ચમન—
સખી—અમે જઈશું બા. વાટ૦

કાંતી— ૨૧

સદાય સાંબ સાચું એક શરણુ તમારૂ
બ્રહ્મા વિષ્ણુ આદિસેવે, સાંબ ચરણુ તમારૂં
તમે છો જ્યોતિ સ્વરૂપી ઉમયા કાંત વિભુ
અખંડાનદથી ભરેલું છે પદ પરમ તમારૂ
તમેછો બ્રહ્મ પરમાત્મા, પ્રભુ કલ્યાણુ કારી
તમારાં દર્શને ખુલ્યુ છે આજ કરમ અમારૂં સદાય૦

કામલતા— ૨૨

ઉડી ઉડી પંખીરાજ, પ્યારા દૂર દેશે ન જાઓ,
નજાઓ નજાઓ રોકાઓ મનાઓ,
વિલાસી લીલુડા વનના પોપટ ઉર સમાઓ આવો૦

સાખી

હૃદય હેમનું પાંજરૂં, પ્રીતી દાડિમ બીજ,
ચુની ચુની આપું ચતુર નર, ચાખો અમુલખ ચીજ

આનદ રસનાં પાન કરાવું,
પ્રાણનાં પાથરણા પથરાવું,
મોહન મારા મનાઓ. ઉઠી૦

---

કામલતા— ૨૩

રાજ કરશું આપ હૃદયપર સત્તા સબળી ધરશું
સ્વામી આ સસાર સકળને, સ્નેહવડે વશ કરશું
માનવતા થઇ નાથ ફરશુ—રાજ૦
ઘરધણીયાણી તે ઘરનીરે રાણી
કથે માની તેને દુનીયાએ માની
એજ સસારની રીત સદાની
તે પથે પિયુજી વિચરશુ—રાજ૦

---

## અંક ૨ જો

૨૪

સખીઓ— આ રળીયામણી રાત નવેલા,
ખીલીછે ચાદની કેવી ?
આલી જો જો સાહેલી અલબેલી આ૦
ઝગઝગતી મઘમઘતી મદથી ભરેલી,
રાત્રી જુવાની ભરી, જાતાં હસતી સરી,
પ્રેમ પૂરમા;
ઝીલી ખેલી ખેલી રેલી રેલી,
પેલી પ્રેમ ઘેલી આ૦

---

હંસી— ૨૫

બોલો બોલો પ્યારા રાજ,
છોજી શાણાના શિરતાજ બોલો૦
કહાવો ચતુર શિરોમણી, ચિત્ત તણા છો ચોર;
અંતરપટ ઉકેલીને, આજ બતાવો જોર. બોલો૦

સુમતી— ૨૬

વાત પીયુએ ન માની ન માની મા'રી,
કુંવરી પાછી ન આવી ન આવી પ્યારી
મમતા મૂકી માયા છોડી
અંતર આગ ન ઠારી ન ઠારી મારી—વાત૦

કામલતા— ૨૭

મેં દુનીયાં સઘળી જોઇ, કોઇનું ન દીઠું કોઇ,
સ્વારથની જાળ પરોઇ, સગપણુ સૌ નાંખે ધોઇ;
આજે હોય વ્હાલાં, કાલ તેજ થાય વેરી,
અજબ સરખી એતો રીત પ્રીત કેરી,
પોતાના સ્વારથ માટે અવરને નાંખે નીચોઇ.

સુમતી— ૨૮

અબળા સબળ નાથ આપને ચરણ પડી,
કઠણુ થઇને કેમ ! હૃદય વલોવો. અબળા૦
અબળાનાં આસુ ઝરે,
સુખને સંપત્ત હરે,
પાણી મુકી પ્રેમ પરે
પ્રાણુ કાં પરોવો અબળા૦

૨૯

સુમતી—મારાં આશા તણું મંદીર શું ભાંગી જશે ?
સુખનાં સમણાં સાવ શુ ઉડી જશે ? મારાં૦
હેતનાં ઝાડ મે વાવીયાં,
પાયાં પાણી પ્રાણનાં;
તોય તપીશ હું તાપમાં,
છાયા ખસી જશે ? મારાં૦

કામલતા— **૩૦**

પિયુ પરદેશીને કહેજો પ્રણામ અમારા,
પ્રણામ અમારા,
કહેજો કે ગઈ તુજ દારા પિયુ૦
કહેજો મને દીધી તજી, ત્યમ બીજીને તજશો નહિ,
કોઈ પ્રીતી વશ અબળા બિચારી, ભોળીને ઠગશો નહિ;
કહેજો તને સંભારતી, વિષ પાન એ કરતી હતી,
છેલ્લો નીકળતાં શ્વાસ, તારૂં નામ એ જપતી હતી;
કહેજો કે દાસી થઈ, અન્ય જનમમાં સેવીશ પિયુજી,
કોમળ ચરણ તમારાં પિયુ૦

નૃસિંહ— **૩૧**

બાળક વેરી બને,
દુ:ખ એથી વધુ શું માત તાત મને? બાળક૦
આશા ભરેલાં ઉછેરીએ પાળી,
જીવના જતને,
એજ પીડાને પસારે, હાયે હૃદય વિદારે
મનને વચને. બાળક૦

કામલતા— **૩૨**

ત્રાતા શરણ તુજ આવી,
વિકટ વખત આ નાથ સંભાળી
લેજે બચાવી શરણ૦
દીન તણો તું બેલી દયા નિધી
કરૂણા નજરથી લેજે નીભાવી શરણ૦

કામલતા— **૩૩**

તમારે આશરે હું આવી, મને નાથ છોડી દેશો?
પ્રિય પ્રાણ કહી બોલાવી, હવે નાથ છોડી દેશો?

ભોળું હતું કુવારૂં જ્યારે આ મન મારૂં.
પ્રેમ જ્યોત પ્રગટાવી પરણ્યા,
એ શું વ્હાલા વિસારી દેશો ? ના કહેશો !
મને નાથ

કામલતા— ૩૪

કપટી દિલ તારૂં તપાસી જો
વાસી રહ્યો કા—હા હાં
કુવારી બાળા ફસાવી, ખોટી લલચાવી
તે ભૂલી ગયો કા—કપટી૦
વાણી મીઠી તારી ઝેરે ભરી
મારી જીંદગીને ધૂળધાણી કરી
રાખ ઇશ્વરની બીક, મનમા જરીક,
જાય છેક અભિમાનમા વહ્યો કા—કપટી

---

## અંક ૩ જો.

કામલતા— ૩૫

ભજું પરમ દયાળુ રમેશ વિભુ,
શરણાગત વત્સલ પાહી પ્રભુ—ભજું૦
આ સસારની દુખમય લીલા
તેનો તુ રચનારો
હુ દુ:ખણી નારી, આશા એક તારી,
સહાય મુરારી, કરો કરી મ્હેર વિભુ—શરણ૦

અપ્સરા— ૩૬

સખી રૂમઝુમ કરતી આવો નાચો તીરકીટ તીરકીટ ધા
તકધા———તકધા———તકધા———
ગાઓ ગાન તનનનનન તેરેના— સખી૦

તેરે તેરે તનનનન દીમ દીમ દીમ તના
ધા—ધા—ધા તીના તા તીના ના ધીન્ના ના ધીન્ના
કડાંન કડાંન ધા—છીમ છુમ છુમ છક છક છ
લ્યો તાન આ......................તોડો કાઢો
પગમાં—કડાંનધા—કડાંનધા—કડાંનધા
સખી રૂમઝુમ કરતી—સ૦

— —

કાતી— ૩૭

એક વેળાએ પૃથવી પરે,
અમે ગયા સદાશીવ મંદિરે,
ધર્યું ધ્યાન શીવજીનું દૃઢ અંતરે; એક૦
પીયુ લઇ કામલતા ત્યા આવી,
રસ શૃંગારની ધૂમ મચાવી,
પાડયો ધ્યાનમાં ભંગ,
દીધો શાપ, તેને પરીણામે દુઃખમાં ફરે—એક૦

— —

કામલતા— ૩૮

હવે ભાવે ના મને મા આ સુખો,
તરસી હતી જ્યારે, કિસ્મત ત્યારે,
વિષ પાયા આ સુખો હવે૦
કંથ વિજોગણ જોગણ હું બની,
રાણી મટી થઇ જંગલ વાસી
સજડ જડી ઉરમા ઉદાસી તરસી૦

— —

કામલતા— ૩૯

જેણે મારી જીવનવેલી સુકાવી
તેના સુખ માટે મે માઝી ભેખની ધૂની લગાવી—જેણે૦
મુજ રૂપ ઉપર મોહી, કપટ કરી ફસાવી,
તે પીયુ ઉપર પ્રેમ લાવી
રટું આમ રામ નામ દે આરામ
મારા કંથને કિર્ત્તિ અપાવા—જેણે૦

સખીઓ }
હંસી }— **૪૦**

સખીઓ લઇ પીચકારી આવો,
ફાગ ખેલાવવા ઓ અલબેલી નાર;
શો વસંત તણો ચમકાર છે, સખી॰
આંબે મ્હોર ફળી ઝીણી ફૂટી;
કેવો મદનનો માર છે
કોયલનો મધુર ટુહુકાર છે,
શૃંગાર સમયનો સાર છે,
રમે રંગમાં રસીક નરનાર,
ખીલે ઝીલે રસપીલે ભરપ્યાર સાર સખી॰

— —

કામલતા— **૪૧**

જરા પ્યારીને પથે પધારો પિયુ,
* * * * *
પ્યારીને પથે પધારોરે જરા॰
* * * * *
પ્રથમ કાં રોપી ઓ ગ્રેલા અજાયબ પ્રીત વેલી,
અરે કાં વાવીતો પાણી વિના કરમાતી મેલી;
અરે તુજ પ્યારીના આંસુ ઉન્હા પી ઉછરેલી,
દીધી ઠેલી ! બિચારી નારીને કીધી ઘેલી

— —

**૪૨**

**શાંતી**—પાય ધરવા
**હંસી**—હાજી ધરવા
**શાંતી**—(કેમ ?)
**હંસી**—(આમ આમ)
**શાંતી**—પછી પ્રણામ પ્રણામ પ્રણામ કરવા.
**હંસી**—હાજી કરવા
**શાંતી**—(કેમ ?)

**હંસી**—( આમ આમ આમ, ) પ્રણામ પ્રણામ પ્રણામ
કરવા હાજી કરવા.
**શાંતી**—પ્રેમથી પૂજન
**હંસી**—ભાવથી અર્ચન
**શાંતી**—કુમકુમ ચંદન
**હંસી**—આરતી વંદન હાજર છું કહો તે કરવા.
**શાંતી**—કબૂલ કબૂલ.
**હંસી**—બસ કબૂલ કબૂલ બધું ભયથી ઉગરવા
પાર ઉતરવા પ્રણા.

કામલતા— ૪૩

કહીં ભૂલી ગયા હૈયાના હાર,
નારી પ્યારો દીધી શું, વીસારી;—ભૂલી.
દીલથી દીવાના થયા,
આકાશે ખાગી રહ્યા,
મળવી હવે નથી રહેલી એ નાર
તુજ પ્યારો ઉરમા અમે તો ઉતારી,—ભૂલી.

મીનકેતુ— ૪૪

છવાઇ રહી બાગમા મધુરી માનિની,
હર વૃક્ષ પાન ફૂલમાં છુપાઇ ભામિની;
કેશ પાશમા પરોવી પુષ્પ આ લતા ઝૂલે,
અહીં દંતના સમાન, મોગરા કળી ખીલે;
પ્હોંચે ચંપકના ફૂલરૂપી કર લંબાવતી,
કઇ છાની છાની કામની મને બોલાવતી.

અપ્સરાઓ— ૪૫

આવે અતિ વિમળી ઉમંગ ભરી ઉષા,
લાવે હાં ઉદય ખબર આ; આ.
હું નાનકડી છું વાદલડી રંગે ભીની,

અરૂણુ કરે રંગાઈ ગુલાબી રહી છવાઇ;
તેજે અંગ અંગ ઉભરાઇ
શીતળ પવનની મીઠી લહરી બની
વીંટી મુજને લઇ ચાલ પિયુ રમવા. આ૦

— —

[illegible]— ૪૬

પીયુજી આવી કેવી પ્રીતી તમારી
* * * * *
રહે ભરોંસો કેમ મુજ મન
કે બદલાય ન એવી—આવી કેવી૦
* * * * *
કોઇ એક વ્હાલી નામનો જીભેથી જાપ જપી રહ્યા
ને એકને તજતા જરા દીલમાહીં આણી નહી દયા
છતમા ઉતરતી અધર તરતી એકને નિરખી રહ્યા
ને એક ઉભી આવી પાસે તોય કથ ભૂલી ગયા !
પલમાહી પલટાઇ જાય એવી—આવી કેવી૦

૪૭

[illegible]—થાઓ દ્રષ્ટી રસ ભરી ફૂલવતી તુજ,
થાઓ અવની જીવન ભરી,
રસ કસ પાઓ પાઓ, ધારા જલવતી.
તુજ. થા૦

આર્ય પ્રજા બળવત ચિરજીવ,
બનજો અચલ ધર્મના વિમળ,
કળાઓ સકળ પામજો કુશળ,
ભૂમપતિ પાળો પુત્ર સમા સભાળો પ્રજા
માગું એ આશિષ, તુજ.

સમા